### કોરોના સંક્રમણના ભય વચ્ચે વિદ્યાર્થીઓની સલામતી જોખમમાં મુકાઈ જશે તેવી સંભાવના

# ભિલોડા એન.આર.એ વિદ્યાલયમાં બીગ સેલ,આનંદ મેળો સત્વરે બંધ કરાવવા સંદર્ભે મામલતદારને આવેદનપત્ર

ભિલોડા,તા.૦૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા એસ.ટી.બસ સ્ટેશન સામે જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ વિદ્યાલયના મેદાનમાં બીગ સેલ અને આનંદ મેળો સત્વરે બંધ કરાવવા સંદર્ભે મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર મયુરભાઈ રાવલને સામાજીક કાર્યકરો દ્વારા આવેદનપત્ર અપાયું હતું.

જન સેવા સંઘના પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, સામાજીક કાર્યકરો,જાગૃત ભુતપુર્વ વિધાર્થીઓ અમિત ત્રિવેદી,ભરત ત્રિવેદી,જીગર ત્રિવેદી,રાહુલ ત્રિવેદી,

સમીર પંડયા સહિત ગ્રામજનોએ જણાવ્યું હતું કે એક તરફ કોરોના વાઈરસની મહામારી દરમ્યાન હવે ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે ત્યારે દિન પ્રતિ દિન કોરોના સંક્રમણ વધતા કેસો રોકેટ ગતિએ વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લા કલેક્ટરે તાજેતરમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને કલમ-૧૪૪ અમલમાં મૂકી છે.કોરોના મહામારી દરમ્યાન માંડ-માંડ સ્કુલો શરૂ થઈ છે. હાઈસ્કૂલના મેદાનમાં આનંદ મેળો શરૂ કરાતા હજજારો લોકોના ટોળે-ટોળા ખરીદી અર્થે આવતા કોરોના સંક્રમણનો ભય સતાવી રહ્યો છે ત્યારે વિદ્યાર્થીઓ,સ્ટાફ માટે જોખમ ઉદ્ભવી રહ્યું છે.જાગૃત વાલીઓ ચિંતાતુર જોવા મળે છે.



ભિલોડામાં નાનો મોટો વેપાર ધંધો કરતા વેપારીઓને પણ આર્થિક રીતે નુકસાન થાય તેવી ભીતિ ઊભી થઈ ગઈ છે.શૈક્ષણિક હેતુનો ગેર ફાયદો ઉઠાવ્યો છે સાથે-સાથે કોમર્શિયલ રીતે ઉપયોગ કર્યો છે.

જન સેવા સંઘના પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાયએ લેખિતમાં જણાવ્યું હતું કે બીગ સેલ નામનો આનંદ મેળો સત્વરે બંધ કરાવવા સંદર્ભે અરવલ્લી જીલ્લા કલેકટર,પોલીસ વડા,પી.એસ.આઈ સહિત મામલતદારને લેખિતમાં પત્ર પાઠવ્યો છે.બીગ સેલ નામનો આનંદ મેળો સત્વરે બંધ નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું અને ભુખ હળતાળ પર બેસવાની ગર્ભિત ચીમકી ઉચ્ચારી હતી.

## તક્ષશિલા વિદ્યા કેમ્પસ બાયડમાં 'યુવાધન રસી મહોત્સવ' કાર્યક્રમ યોજાયો





બાયડ, તા. ૫

તક્ષશિલા વિદ્યાલય બાયડ ના યુવા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ પટેલ સાહેબ પોતાની શાળા માં હંમેશા અગાઉ COVID-19 વખતે પણ સરકાર શ્રી ના આદેશો નું પાલન કરતા માસ્ક સેનિટાઈઝર અને સ્વછતા ના આગ્રહી રહ્યા છે.૧૫ થી ૧૮ વર્ષ ના વિદ્યાર્થી ઓ ના રસીકરણ કાર્યક્રમ એક મહોત્સવ રૂપે યોજાયો જેમાં શાળા ના કુલ ૪૮૭ વિદ્યાર્થી ઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ રસી મુકાવી સમગ્ર કેમ્પસ માં વિદ્યાર્થી ઓ માં COVID નો સામનો કરવા ના જુસ્સા સાથે ભારે સંખ્યા માં ૧૦૦% રસીકરણ થયું બાયડ PHC તથા સ્કૂલ ના તમામ શિક્ષકો એ ખુબજ સાથ સહકાર સાથે આ કાર્યક્રમ ને ઉત્સવ ની જેમ વધાવ્યો વિદ્યાર્થી ખુબજ આનંદ માં જોવા મળ્યા શાળા ના બધાજ વિદ્યાર્થી ઓ એ રસી મુકાવી કાર્યક્રમ ૧૦૦ % સફળ બનાવ્યો હતો.

## પ્રાંતિજ જાયન્ટ્સ ગૃપ અને પોગલુ જાયન્ટ્સ ગૃપને બેસ્ટ કામગીરી બદલ એવોર્ડ આપી સન્માનિત કર્યા

**જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન-૩ સીના ગૃપોને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા : બન્ને ગૃપોના પ્રમુખોને પણ એવોર્ડ આપી સન્માનિત કર્યા : વર્ષ દરમ્યાન સારી કામગીરીને લઈને સન્માનિત કરવામા આવ્યા**

પ્રાંતિજ તા.૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના જામળા ખાતે જાયન્ટ્સ ગૃપ વાર્ષિક અધિવેશન ૨૦૨૧-૨૨ સ્નેહ મિલન કાર્યક્રમ તથા વર્ષ દરમ્યાન ફેડરેશન-૩ સી ના ગુપો દ્વારા થયેલી સુંદર સેવાકીય પ્રવૃત્તિઓ ને એવોર્ડ આપી સન્માનિત કરવામા આવ્યા.

જામળા ખાતે આવેલ આસુદેવ મહાદેવ મંદિર ના હોલમા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન-૩ સી ના જાયન્ટ્સ પરિવારજનોનો સ્નેહ મિલન કાર્યક્રમ તથા વર્ષ દરમ્યાન ફેડરેશન-૩ સી ના ગુપો દ્વારા થયેલી સુંદર સેવાકીય પ્રવૃત્તિઓને એવોર્ડ આપીને સન્માનિત કરવામા આવ્યા હતા જેમા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન-૩ સી ના વિવિધ ગૃપો ઉપસ્થિત રહ્યા હતા તો સેવાકીય બેસ્ટ કામગીરી ને લઈ ને પ્રાંતિજ




જાયન્ટ્સ ગૃપ તથા પોગલુ જાયન્ટ્સ ગૃપ ની બેસ્ટ સેવાકીય કામગીરી ને લઈ ને બન્ને ગૃપો ને એવોર્ડ આપી સન્માનિત કરવામા આવ્યા હતા તો ગૃપોના પ્રમુખો ને પણ એવોર્ડ આપી ને સન્માનિત કરવામા આવ્યા હતા જેમા પ્રાંતિજ જાયન્ટ્સ ગૃપ ના પ્રમુખ ડૉ.કેયુર ભાઈ પ્રજાપતિ ને યુનિટ અને ફેડરેશન તરફથી ૨ એવોર્ડ આપી સન્માનિત કરવામા આવ્યા હતા તો મંત્રી હાર્દિક બ્રહ્મભટ્ટ ને યુનિટ તરફથી બેસ્ટ મંત્રી નો એવોર્ડ અને ખજાનચી તરીકે પિયુષ શાહ ને યુનિટ અને ફેડરેશન તરફથી ૨ એવોર્ડ આપીને સન્માનિત કરવામા આવ્યા હતા તો કોરો ના દરમ્યાન માસ્ક તેમજ ઉકાળા વિતરણ કરવા બદલ તથા આઈ ડોનેશન માટે, બેસ્ટ જાયન્ટ્સ વિક માટે અને ઓર્ગન ડોનેટ માટે એવોર્ડ આપી સન્માનિત કરવામા આવ્યા હતા તો જાયન્ટ્સ ગૃપ પોગલુ ને પણ ૭ એવોર્ડ થી સન્માનિત કર્યા હતા તો ફેડરેશન ના પ્રમુખ બી.એમ.પટેલ દ્વારા અભિનંદન શુભેચ્છાઓ શુભકામનાઓ બધાને પાઠવી હતી.

### શહેરમાં કોરોના પછી તસ્કરોનો ખોફ

## હિંમતનગરની જલારામ સોસાયટીના બંધ મકાનમાંથી ૧.૦ લાખની તસ્કરી

**ડિગ ક્વોર્ડ, એફ.એસ.એલ.ની મદદ છતાં તસ્કરોનું પગેરુ મળતું નથી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

હિમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ જલારામ સોસાયટીમાં જલારામ સોસાયટીના બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરી ૪ ૧.૭૪ લાખની રોકડ રકમ સહિત કુલ ૧,૯૦,૩૦૦ના મુદામાલની તસ્કરી થતાં પોલીસ ઉંધા માથે થઈ ગઈ છે. એડવોકેટ પરિવારના બંધ મકાનમાં તસ્કરીથી પ્રજામાં અસલામતી વધી છે. શહેરમાં કોરોના પછી તસ્કરોનો ખોફ હાવિ થઈ રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગર શહેરમાં પોલીસનાં ધાડેધાડાં હોવા છતાં તસ્કરો બેખોફ બન્યા છે. વાહન તસ્કરીથી માંડી હવે ઘરફોડ ચોરીના બનાવ વધતાં પ્રજાને શુભ-અશુભ પ્રસંગે બહાર જવાનું મુલત્વી રાખવું પડે તેવી સ્થિતિ છે. હિંમતનગરની જલારામ સોસાયટીમાં રહેતા વ્યવસાયે એડવોકેટ મલેશકુમાર ડાહ્યાલાલ રાઠોડ અને તેમના પરિવારના મકાન નં.૧૧ બંધ હતું જેમાં તા.૨-૩ ની મધ્યરાત્રિએ ત્રાટકેલા તસ્કરોએ વકીલાતની પ્રેક્ટીસના પેન્ટના ચોર ખિસ્સામાં તેમજ સાઈડના ખિસ્સામાં અને પર્સમાં મૂકેલ ૫૦૦ અને ૧૦૦ના દરની કુલ ૭૪,૫૦૦ રોકડા તેમજ એ.ટી.એમ., લાયસન્સ, આધારકાર્ડ, વકીલ તરીકેનું ઓળખપત્ર, ત્રણેય ભાઈઓની બચતના લાકડાની તિજોરી બાટમાં મૂકેલ રોકડ રકમ ૧ લાખ તથા સોનાની બુટ્ટી, ગરમ ધાબળા સહિત કુલ રુ ૧,૯૦,૩૦૦નો મુદ્દામાલ ઉસેડીને લઈ જતાં રાઠોડ પરિવારે આ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. તસ્કરોને શોધવા માટે ડૉગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદ પછી પણ તસ્કરોનું પગેરુ અપેક્ષા મુજબ મળ્યું નથી.

## અંબા માતાજીના જન્મોત્સવને પણ કોરોનાનું ગ્રહણ....

પાલનપુર તા.૫

આગામી ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ ના પોષસુદ પૂનમે માં અંબા નો જન્મોત્સવ છે .જે ને લઈ માં અંબા મૂળ સ્થાન એવા શકિત પીઠ અંબાજી માં માતાજીના જન્મોત્સવને ખુબજ ધામધૂમ થી ઉજવવામાં આવે છે. પણ આ વખતે માતાજીના જન્મોત્સવ ને પણ કોરોના નું ગ્રહણ લાગેલો જોવા મળી રહ્યો છે. હાલ તબક્કે રાજ્યમાં કોરોનાને ઓમીક્રોનના વધતા કેસને લઈ પોષ સુદ પૂર્ણિમાના માતાજીના જન્મોત્સવને લઈ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ અને ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ સાથે પોલીસ અધિકારીઓ ની એક બેઠક અંબાજી મંદિર ખાતે યોજવા માં આવી હતી. અને હાલ કોરોના ને લઈ સરકાર ની જીૅ પ્રમાણે કાર્યક્રમ યોજવા નક્કી કરાયું હતું. અને આ પોષી પુનમે મોટી સંખ્યા માં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોવાથી તેવા માં કોરોના નું સંક્રમણ ન ફેલાય તે માટે અંબાજી માં માતાજીની નીકળનારી વિશાળ શોભાયાત્રા રદ કરવામાં આવી છે. અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા બે દિવસીય યોજાતા સંસ્કૃતિક કાર્યક્રમો પણ રદ કરવામાં આવ્યા છે .

## બાયડના ડૉ. દિપાબેન ગાંધીને જાયન્ટસ ગૃપ ઓફ બાયડ સાહેલીના બેસ્ટ પ્રમુખનો એવોર્ડ

**આઈ.એમ.એ. - ધનસુરા,બાયડએ અભિનંદન આપ્યા**



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩-સીનું વાર્ષિક અધિવેશન ગાંધીનગરના જામડા ખાતે યોજાઈ ગયું જેમાં વર્ષ દરમ્યાન ઉત્કૃષ્ટ સેવાકીય પ્રવૃતિઓની નોંધ લઈ યુનિટ લેવલે જાયન્ટસ ગૃપ ઓફ બાયડ સાહેલીના સેવાકીય કાર્યોને બિરદાવી પ્રમુખ દિપાબેન ડૉ. મિનેષભાઈ ગાંધીને બેસ્ટ પ્રેસિડેન્ટનો એવોર્ડ આપી સન્માનિત કરાતાં આઈ.એમ.એ. ધનસુરા-બાયડ એશોસિએશને અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુરમાં ડાયરેક્ટર જન શિક્ષણ સંસ્થાનો કરાર આધારિત કર્મચારી ૨૦,૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

પાલનપુર તા. ૫

ફરિયાદીને નોકરીમાં હેરાનગતિ ન કરવા અને નિયમિત પગારની ચુકવણી કરવા આરોપીએ લાંચ માગી હતી. પાલનપુર ડાયરેક્ટર જન શિક્ષણ સંસ્થામાં કરાર આધારિત ફરજ નિભાવતા કર્મચારીને એસીબીએ ૨૦ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપી પાડ્યો છે. એસીબીની કાર્યવાહીના પગલે લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં પાટણ એસીબીએ જન શિક્ષણ સંસ્થાનની કચેરી



ઢૂંઢીયાવાડીમાં કરાર આધારિત જન શિક્ષણ સંસ્થા કેન્દ્ર સરકારની નાણાકીય સહાય આધારિત સંસ્થામાં નરોત્તમભાઈ પ્રજાપતિને પાટણ એસીબીએ ઝડપી પાડયા છે. જોકે આ કામના ફરીયાદી કેન્દ્ર સરકારની નાણાકીય સહાય પર આધારીત જન શિક્ષણ સંસ્થામાં ફિલ્ડ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હોય આ કામના આરોપી તેમના નિયંત્રણ અધિકારી હોઈ તેમને નોકરીમાં હેરાનગતિ નહી કરવા તેમજ પગાર ની નિયમિત ચૂકવણી કરવા રૂપિયા ૨૦,૦૦૦ ની લાંચની માંગણી કરેલ હતી. જે આ કામના ફરિયાદી આપવા માંગતા ન હોય તેઓએ એસીબીનો સંપર્ક કરતા તેઓની ફરિયાદ આધારે કરવામાં આવેલ ટ્રેપ દરમ્યાન આ કામના આરોપી રૂપિયા ૨૦,૦૦૦ ની લાંચ લઈ પકડાઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## માલપુર, મેઘરજના ૧૦ ગામના ખેડૂતોની વાત્રક નદીમાં પાણી છોડવા માંગ, રામધૂન શરુ કરી

**વૈડી ડેમમાંથી વાત્રક નદીમાં પાણી છોડવામાં આવે તો ખેડૂતોને સિંચાઈનો લાભ મળે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

શિયાળાનો મધ્યાંતર શરુ થયો ત્યાં પાણી મુદ્દે પાણીપત જેવી



સ્થિતિ ઉભી થઈ રહી છે. માલપુર, મેઘરજ તાલુકાના ૧૦ ગામના ખેડૂતોએ વૈડી ડેમમાંથી વાત્રક નદીમાં પાણી છોડવામાં આવે તો નદી કિનારા વિસ્તારના ગામોને ખેડૂતોને સિંચાઈ માટે લાભ મળે અને મૂંઝાતા રવી પાકને જીવતદાન આપી શકાય તેવી માંગ સાથે રામધૂન શરુ કરતાં તંત્ર હરક્તમાં આવ્યું છે. આવનારા દિવસોમાં અન્ય વિસ્તારોમાંથી પણ પાણી માંગ મુદ્દે ઉગ્ર જંગની સ્થિતિ પ્રવર્તિ રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે જિલ્લામાં ઓછો વરસાદ તેમજ રાજસ્થાનના ઉપરવાસમાં પણ પ્રમાણમાં ઓછા વરસાદથી વાત્રક ડેમ માત્ર ૫૦ ટકા ભરાયો



હતો છતાં સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોની ચિંતા કરી રવી સીઝન માટે પાણી છોડવામાં આવ્યું છે. જ્યારે મેઘરજ તાલુકામાં આવેલ વૈડીડેમ ૧૦૦ ટકા ભરાઈને છલુકાયેલો છે ત્યારે રાજસ્થાનના સીમાડાથી ગુજરાતના અરવલ્લીમાંથી પસાર થતી વાત્રક નદી હવે સૂકાઈ રહી છે. ત્યારે વૈડી ડેમમાંથી વાત્રક નદીમાં પાણી છોડવામાં આવે તો મેઘરજ તાલુકાના અને માલપુર તાલુકાના ૪ ગામ મળી કુલ-૧૦ ગામોના ખેડૂતો નદીમાંથી ઈરીગેશન મારફતે સિંચાઈના પાણીનો લાભ મેળવી શકે. આ વિસ્તારમાં ખેડુતોએ બટાકા, વરીયાળી, ઘઉં, ચણાનું વાવેતર કર્યું છે. ૪૦૦ હેક્ટરથી વધુ જમીનમાં સિંચાઈના પાણીના અભાવે રવી વાવેતર સૂકાઈ રહ્યું છે ત્યારે પરસોડા ગામના સરપંચ કનુભાઈ પાંડોરે વૈડી ડેમમાંથી વાત્રક નદીમાં પાણી છોડવામાં આવે તો ખેડૂતોને સિંચાઈનો લાભ મળે અને આસપાસના બોરકૂવા રીચાર્જ થશે તેમ જણાવ્યું છે.

## ફૂટવેરમાં જીએસટીનો વધારો થતા પાલનપુરના ફૂટવેર વેપારીઓએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ

**૫ ટકામાંથી જીએસટી વધારી સરકારે ૧૨ ટકા કરી દેતાં ફૂટવેર વેપારીઓ નોંધાવ્યો વિરોધ**

પાલનપુર તા. ૫

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ફુટવેર ના ધંધા ઉપર પાંચ ટકાથી જીએસટી વધારી ૧૨ ટકા કરવા નો નિર્ણય લેવાયો હતો તેને માત્ર ૫ ટકા જીએસટી રાખવામાં આવે તેવી માંગ વેપારીઓ દ્વારા કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ફૂટવેર એસોસિએશન દ્વારા બનાસકાંઠા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ૧૨ ટકા જી.એસ.ટીને બદલે ૫ ટકા જી.એસ.ટી કરવા જિલ્લા કલેક્ટર કચેરી પહોંચી જિલ્લા કલેકટરને રજૂઆત કરી છે, પાલનપુર ફૂટવેર એસોસિયન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જૂનો પાંચ ટકાનો દર યથાવત રાખવાની માગ કરવામાં આવી છે. જેમાં પાલનપુર શહેરના તમામ ફૂટવેર એસોસિએશનના પ્રમુખ ઉપપ્રમુખ મહામંત્રી સહિત તમામ ફૂટવેર દુકાનદાર હાજર રહી કલેકટર કચેરીએ પહોંચી આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો હતો. જેમાં પાલનપુર ફૂટવેર એસોસિયન વિનંતી કરી કે કોરોના મહામારી બાદ આજદિન સુધી વેપારીભાઈઓના ધંધા રોજગાર મંદા પડેલ છે તેથી અચાનક ૫ ટકાની જગ્યાએ ૧૨ ટકા જી.એસ.ટી લગાવવો યોગ્ય નથી. આ નિર્ણયને અમુક પાલનપુર ફૂટવેર એસોસિયન સખ્ત શબ્દો માં વખોડી કાઢીએ છીએ આજે જીએસટી વધારો ૧૨ ટકા ની જગ્યાએ ૫ ટકા રાખવા માંગ કરી છે.

## જન્મદિને વધામણી



નક્ષ નમન કુમાર શૈલેષ કુમાર પંડ્યા
માલપુર, જી.અરવલ્લી



ભરતભાઈ બ્રહ્મભટ્ટ
વાત્રક તા.બાયડ



જ્યોતિબેન શૈલેષભાઈ પટેલ
ધનસુરા



મિતાબેન કેતનભાઈ પંડ્યા
સરપંચ, ભુખેલગ્રામ પંચાયત
ભુખેલતા.બાયડ



ધ્વીર ધ્રુપલ પટેલ
ધનસુરા

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

## દુ:ખદ અવસાન



બાયડના રોનક ટાઈલ્સવાળા જગદીશભાઈ પટેલના માતા લક્ષ્મીબેન ગંગારામભાઈ ચોપડાનું દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તા.૬ જાન્યુઆરી, ગુરૂવારે તેમના નિવાસસ્થાન-૩૧, સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨, બાયડ ખાતે સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ રાખેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી માસ્ક ફરજીયાત પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા વિનંતી.